# Child Trust Fund

# Factsheet

ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) એ એક લાંબા ગાળાનું બચત અને રોકાણનું ખાતું છે જેનું નિર્માણ ખાસ બાળકો માટે કરવામાં આવેલું છે. તેમાં જે પૈસા હશે તે તમારા બાળકના હશે અને તે 18 વર્ષનું થાય ત્યાં સુધી તેને કાઢી નહિ શકાય. આથી તેને વધવા માટે ઘણો સમય મળશે. 18 વર્ષની ઉંમરે તમારું બાળક બચત કરવાનું ચાલુ રાખવાનું પસંદ કરી શકે છે, અથવા તે અન્ય વસ્તુઓ માટે પૈસા વાપરી શકે છે, જેમ કે ડ્રાઈવિંગ લેસનો, કમ્પ્યુટરનાં સાધનો અથવા કોઈ તાલીમના અભ્યાસક્રમો માટે.

1 સપ્ટેમ્બર 2002ના દિવસે કે તે પછી જન્મેલું દરેક બાળક ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) ખાતા માટે યોગ્યતા ધરાવે છે, જો તે યુ.કે.માં રહેતું હોય, તેના માટે કોઈ ચાઈલ્ડ બેનિફિટ મેળવી રહ્યું હોય, અને તે ઈમિગ્રેશનના પ્રતિબંધોને અધીન ન હોય તો.

The Child Trust Fund (CTF) is a long-term savings and investment account created especially for children. The money in it belongs to your child and is locked away until they are 18, so it has a long time to grow. At 18 they can choose to carry on saving or use the money for other things, such as driving lessons, computer equipment or training courses.

Every child born on or after 1st September 2002 is eligible for a CTF account if they live in the UK, Child Benefit is being received for them and they are not subject to immigration restrictions.

## મારા બાળકને કેટલા પૈસા મળશે?

જ્યારે તમે ક્લેઈમ કરો અને તમારા બાળક માટે તમને ચાઈલ્ડ બેનિફિટ મળવાનું શરૂ થઈ જશે, ત્યારે આપમેળે તમને એક ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)નું વાઉચર મોકલવામાં આવશે. ઓછી આવક ધરાવતાં કુટુંબોને (2006-7ના વર્ષમાં £14,155 અથવા ઓછી આવકવાળાં) વધારાના £250 મળશે જે સીધા તેમના ખાતામાં જમા થશે.

જ્યારે તમારું બાળક સાત વર્ષનું થશે ત્યારે આપમેળે બીજી £250ની ચુકવણી કરવામાં આવશે અને ઓછી આવક ધરાવતાં કુટુંબોને ફરીથી વધારાના £250 મળશે.

જો તમને વાઉચર ન મળ્યું હોય અથવા તે ખોવાઈ ગયું હોય, તો ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)ની હેલ્પલાઈન (સહાયક ટેલિફોન સેવા)ને 0845 302 1470 પર ટેલિફોન કરો.

## How much will my child receive?

You will automatically receive a £250 CTF voucher when you claim and start receiving Child Benefit for your child. Children from lower income households (£14,155 or less in 2006-7) will receive an extra £250, paid directly into their account.

There will be a further automatic payment of £250 when your child turns seven and children in lower income households will again get an extra £250.

If you haven't received a voucher or have lost it, call the CTF Helpline on 0845 302 1470.








## વાઉચરનું મારે શું કરવું?

વાઉચરને ફક્ત ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)નું ખાતું ખોલવા માટે જ વાપરી શકાશે. ત્રણ પ્રકારનાં ખાતાં હોય છે, તમે કયું ખાતું પસંદ કરો તેનો આધાર, પૈસા વધે તે અર્થે એક વધુ સારી તક આપવા માટે જોખમ લેવા વિશેની તમારી લાગણી ઉપર રહેશે.

## What should I do with the voucher?

The voucher can only be used to open a CTF account. There are three types of account, which one you choose depends on how you feel about taking a risk in order to give the money a better chance to grow.

**સ્ટેકહોલ્ડર એકાઉન્ટ** તમારા બાળકના પૈસાનું સંસ્થાઓના શેરમાં રોકાણ કરવામાં આવે છે, આથી જો શેરના ભાવ વધે તો તેના પૈસા વધે, શેરમાં રોકાણ સાથે સંકળાયેલાં જોખમોને ઓછા કરવા માટે કેટલાક નિયમો અમલમાં છે.

**શેર્સ એકાઉન્ટ (નોન-સ્ટેકહોલ્ડર)** તમારા બાળકના પૈસાનું સંસ્થાઓના શેરમાં રોકાણ કરવામાં આવે છે, આથી જો શેરના ભાવ વધે તો તેના પૈસા વધે. સ્ટેકહોલ્ડર ખાતાથી જુદું, શેરમાં રોકાણ સાથે સંકળાયેલા ખાતામાં જોખમોને ઓછાં કરવા માટે કોઈ નિયમો અમલમાં નથી.

**સેવિંગ્સ એકાઉન્ટ (નોન-સ્ટેકહોલ્ડર)** આ પ્રકારનું ખાતું શેરમાં રોકાણ નથી કરતું. આ એક રોકડ નાણાનો વિકલ્પ છે અને તે વ્યાજ ચૂકવે છે.

જો તમે વાઉચર ઉપર જણાવવામાં આવેલી સમાપ્તિની તારીખના અંત પહેલાં ખાતું નહિ ખોલાવો તો અમે એક ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)ની સુવિધા પૂરી પાડનાર સાથે તમારા બાળક માટે એક સ્ટેકહોલ્ડર અકાઉન્ટ ખોલાવીશું. પરંતુ તમારા બાળકના પૈસા ઉપર આખા વર્ષની વૃદ્ધિનો ફાયદો મેળવવાની તક જતી રહી હશે.



તમારા બાળકના ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) ખાતામાં જે પૈસા હશે તેની તમને મળતા કોઈ પણ બેનિફિટો અથવા ટેક્સ ક્રેડિટો ઉપર અસર નહિ થાય અને તમે અથવા તમારું બાળક તમારા બાળકના ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)માં ઉપજેલ નાણા પર ટેક્સ (કર) નહિ ભરો. યાદ રાખો કે સેવિંગ્સ એકાઉન્ટમાં જે પૈસા હશે તે જે ખાતામાં શેર હોય તેના જેટલા કદાચ નહિ વધે, પરંતુ શેરની કિંમત ઉપર નીચે પણ જઈ શકે છે.

**Stakeholder Account** Your child's money is invested in companies' shares, so it grows if those shares do well. There are some measures in place to reduce the risks associated with investing in shares.

**Shares Account (Non-stakeholder)** Your child's money is invested in companies' shares, so it grows if those shares do well. Unlike a stakeholder account, there are no rules in place to reduce the risk of investing in shares.

**Savings Account (Non-stakeholder)** This type of account does not invest in shares. It is the cash option and pays interest.

If you don't open an account by the expiry date on the voucher, we will arrange for a CTF provider to open a stakeholder account for your child. But your child's money will have missed out on the chance of a whole year's growth.

Money in your child's CTF account will not affect any benefits or tax credits you receive, and neither you nor your child will pay tax on money earned in a CTF account. Remember, a savings account may not increase as much as an account with shares in it, but the value of shares may go down as well as up.

## ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) ખાતું કોણ ખોલાવી શકે છે?

ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) ખાતું તમારા બાળકનું હશે તેમ છતાં પણ ફક્ત માતા અથવા પિતા (જો 16 વર્ષ અથવા ઉપરનાં હોય તો) અથવા બાળક માટે માતાપિતા તરીકેની જવાબદારી ધરાવતી વ્યક્તિ (કાનૂની રીતે જેનો અર્થ એક માતા-પિતા તરીકેના હકો અને જવાબદારીઓ ધરાવતી વ્યકિત થાય છે) એક ખાતું ખોલાવવા માટે ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) ના વાઉચરનો ઉપયોગ કરી શકે છે. જે વ્યક્તિ ખાતું ખોલાવશે તેઓ બાળકની 16મી વર્ષગાંઠ સુધી તેનો વહીવટ કરશે, ત્યારબાદ બાળક તેનો વહીવટ કરશે.

જો તમે 16 વર્ષથી ઓછી ઉંમરનાં માતા કે પિતા હો, તો કાયદાનુસાર તમે ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) નો વહીવટ નહિ કરી શકો, પરંતુ ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) હેલ્પલાઈન 0845 302 1470 ઉપર ટેલિફોન કરવાથી મદદ તથા સલાહ મળી શકે છે.

## Who can open a Child Trust Fund account?

Although the CTF account will belong to your child, only a parent (if 16 or over), or someone else with parental responsibility for the child (a legal term meaning someone with the rights and duties of a parent), can use the CTF voucher to open an account. The person who opens the account will manage it until the child's 16th birthday, when the child will take control.

If you are a parent under 16, you cannot by law manage a CTF account but help and advice are available from the CTF Helpline on 0845 302 1470.

## હું ખાતું ક્યાં ખોલાવી શકું?

બેન્ક અને બિલ્ડિંગ સોસાઈટીથી માંડીને ફ્રેન્ડલી સોસાઈટી અને સુપરમાર્કેટો એવી ઘણી જગ્યાઓ છે જ્યાં તમે એક ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)ની સુવિધા પૂરી પાડનારને શોધી શકો છો. દરેક સુવિધા પૂરી પાડનાર સ્ટેકહોલ્ડર ખાતાં પૂરાં પાડે છે અને કેટલાંક અન્ય પ્રકારનાં ખાતાં પૂરાં પાડે છે, જેમાં નૈતિક અને શરીયા (ઈસ્લામિક કાનૂન અનુસાર ચકાવવામાં આવતાં) ખાતાંનો સમાવેશ થાય છે. ખાતાં ચલાવવા માટે વસૂલ કરવામાં આવતી કોઈ પણ ફી વિશે સુવિધા પૂરી પાડનારને પૂછવાની ખાતરી કરશો.

તમને માહિતી આપતું જે પૅક મોકલવામાં આવશે તેમાં આ સુવિધા પૂરી પાડનારાઓની એક યાદી હશે અને છેલ્લામાં છેલ્લી તારીખની માહિતી તમે www.childtrustfund.gov.uk ઉપરથી મેળવી શકશો. અથવા ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) હેલ્પલાઈનને 0845 302 1470 પર ફોન કરો.

## Where can I open an account?

From banks and building societies to friendly societies and supermarkets - there are lots of places where you can find a Child Trust Fund account provider. All providers offer a stakeholder and some also offer other types of account, including ethical and Shari'a ones. Be sure to ask providers about any fees charged for running the account.

The information pack you will receive contains a list of providers and you can always find the most up-to-date list at www.childtrustfund.gov.uk. Alternatively, call the CTF Helpline on 0845 302 1470.

## હું ખાતું કેવી રીતે ખોલાવું?

પહેલાં, તમે પસંદ કરેલ સુવિધા પૂરી પાડનાર પાસેથી અરજીપત્રકની માગણી કરો. ત્યારબાદ ફક્ત તેને ભરો અને તમે પસંદ કરેલ ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF)ની સુવિધા પૂરી પાડનાર પાસે તમારા બાળકનું વાઉચર સાથે લઈ જાવ અથવા તેમને તે પોસ્ટ કરો. કેટલાક સુવિધા પૂરી પાડનારાઓ સાથે તમે ટેલિફોન કરવા મારફત અથવા ઓનલાઈન એક ખાતું ખોલાવી શકો છો.

## How do I open an account?

First, ask your chosen provider for an application form. Then simply fill in the form and take or post it with your child's voucher to your chosen CTF provider. You can also open an account by phone or online with some providers.

## હું મારા બાળકનું ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) એકાઉન્ટ ખોલાવું પછી મારે શું કરવું જોઈએ?

- તમારે એકાઉન્ટમાં પૈસા ઉમેરવા જરૂરી નથી, પરંતુ નાની રકમથી પણ જ્યારે તમારું બાળક 18 વર્ષનું થાય ત્યાં સુધીમાં મૂલ્યવાન વૃદ્ધિ થઈ શકે છે
- તમારાં કુટુંબીજનો તથા મિત્રોને જણાવો કે તમે ખાતું ખોલાવ્યું છે જેથી તેઓ પણ કદાચ તેમાં પૈસા મૂકવા માગે. દર વર્ષે તમે કુલ £1,200ની રકમ તેમાં મૂકી શકો છો (સરકારની ચુકવણીઓ ઉપરાંત)
- તમે ઈચ્છો તો કોઈ પણ સમયે ખાતું અથવા સુવિધા પૂરી પાડનારને બદલી શકો છો

## What should I do after I've opened my child's CTF account?

- You don't have to add to the account, but even small amounts could grow into something worthwhile for your child when they reach 18
- Let family and friends know you've opened the account as they may want to put money in as well. The total amount that can be put in each year is £1,200 (excluding Government payments)
- You can change the account or provider at any time if you want to

## હું વધુ જાણકારી ક્યાંથી મેળવી શકું?

ખાતાની પસંદગી વિશે મદદ માટે આ વેબસાઈટની મુલાકાત લો:

- www.childtrustfund.gov.uk
- ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) હેલ્પલાઈનને 0845 302 1470 ઉપર ટેલિફોન કરો, જેઓ અઠવાડિયાના 7 દિવસ સવારે 8.00થી સાંજે 8.00 સુધી ખુલ્લાં હોય છે
- કોઈ સાથે અન્ય ભાષામાં વાતચીત કરવા માટે મહેરબાની કરીને ચાઈલ્ડ ટ્રસ્ટ ફંડ (CTF) હેલ્પલાઈનને 0845 302 1470 પર ટેલિફોન કરો અને તમને અનુકૂળ સમયે તેઓ તમને વળતો ફોન કરશે

## Where can I find out more?

For help in choosing an account:

- Visit www.childtrustfund.gov.uk
- Call the CTF Helpline on 0845 302 1470, open 8am to 8pm 7 days a week
- To speak to someone in another language, please phone the CTF Helpline on 0845 302 1470 and you will be called back at a time that suits you

